### બાયડ નગરપાલિકામાં પ્રમુખ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત કરનાર

# પાંચ બળવાખોર સભ્યોને ભાજપમાંથી સસ્પેન્ડ કરાયા

### શહેર મહામંત્રી અતુલ પટેલ સામે પણ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ કાર્યવાહી કરાશે

૩૦ જાન્યુઆરીના રોજ ભાજપના જ પાંચ બળવાખોર સભ્યોએ ભાજપનાજ નગરપાલિકાના પ્રમુખ વિરુદ્ધ એનસીપીનો ટેકો લઈ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી હતી.બાયડ નગરમાં લાંબા સમય બાદ નગરપાલિકાનું શુંશાસન ભાજપના યુવા પ્રમુખ વરુણ પટેલના હાથમાં આવ્યું હતું. અને વરુણ પટેલે પોતાના શાસન કાળના એક વર્ષમાં બાયડ નગરને વિકાસવંતુ બનાવ્યું હતું.

વિકાસના કામોમાં બાયડનગર પાલિકામાં ટોલ ફ્રી ટેલીફોનની સુવિધા, તેમજ નગરને પીવાના પાણીની સમસ્યામાંથી છુટકારો મળે તે માટે ત્રણ નવીન બોર નગરના દરેક સોસાયટીમાં આરસીસી પાકા રોડ તેમજ ભારતના વડા પ્રધાન નરેન્દ્રમોદીના સ્વચ્છ ભારત મિશન અભિયાન અંતર્ગત બાયડ નગરને ગંદકી મુક્ત બનાવ્યું હતું. જ્યારે બીજી બાજુ બાયડ નગરપાલિકામાં વર્ષોથી માથાનો દુખાવો સમાન ટ્રાફિક વ્યવસ્થા સરળ કરવા માટે સ્ટેશન વિસ્તાર ઉપર ગેર કાયદેસર કરેલા દબાણો દુર કરવા સહિતના વિકાસના કામો કર્યા હતા.પરંતુ આ પાંચ બળવાખોરો ને સત્તાની લાલચે પ્રમુખ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત પસાર કરી હતી.જે અંતર્ગત ગત તારીખ ૨૧ ફેબ્રુઆરીનાં રોજ નગરપાલિકાનાં ઉપ પ્રમુખે સભા બોલાવી હતી.જે સભા બાયડ નગરપાલીકાના ચીફ ઓફિસરની હાજરીમાં નગરપાલિકાના સભાખંડમાં મળી હતી.

જેમાં ભાજપના આ પાંચ બળવા ખોર સભ્યો એ ભારતીય જનતા પાર્ટીએ આપેલ મેન્ડેટ વિહિપ ના વિરુદ્ધ માં મતદાન કરી અને ૧૬ વિરુદ્ધ ૮ મતે એનસીપીનો ટેકો લઈ અવિશ્વાસની દરખાસ્ત પસાર કરી હતી.આ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જીતુંભાઈ વાઘાણી એ આ પાંચેય નગરપાલિકાના સભ્યોને ભારતીય જનતા પાર્ટી માંથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા હતા.રાજકારણની પ્રયોગ શાળા ગણાતા બાયડ શહેરમાં ભાજપ ધ્વારા પાંચ બળવાખોર સભ્યોને સસ્પેન્ડ કરાતા રાજ કારણમાં ભર શિયાળે ગરમાવો આવ્યો છે.

#### પક્ષ વિરોધી પ્રવૃત્તિ શાખી નહિ લેવાય

આં અંગે અરવલ્લી જીલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભીનો ટેલીફોનીક સંપર્ક સાધતા તેમને જણાવ્યું હતું કે આ પાંચેય સભ્યો ધ્વારા પક્ષે આપેલ મેન્ડેટ વિહિપનો અનાદર કરી નગરપાલિકાના પ્રમુખ વિરુદ્ધ મતદાન કરી અવિશ્વાસની દરખાસ્ત પસાર કરતા આ પ્રવુત્તિ પક્ષ વિરોધી છે જે બિલકુલ શાંખી લેવાશે નહિ અને આગામી સમયમાં આ સભ્યો વિરુદ્ધ પક્ષાંતર ધારા હેઠળની કાર્યવાહી કરવાનું પણ જણાવ્યું હતું.

સસ્પેન્ડ કરેલ સભ્યોના નામ

૧. જ્યોતિકાબેન જતીન કુમાર પટેલ
૨. વિમળાબેન પ્રવિણભાઈ પટેલ
૩. ફાલ્ગુનીબેન નિમેષકુમાર પટેલ
૪. અરવિંદભાઈ રેવાભાઈ પ્રજાપતિ
૫. અરવિંદ ભાઈ જેઠાભાઈ પટેલ

# મોડાસાનો રેન્જ ફોરેસ્ટ ઓફિસર લાંચ સ્વીકારતા રંગેહાથ પકડાયા

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં જલાઉ લાકડાનો વહેપાર કરતા ત્રણ વ્યક્તિઓને તેમના વાહનો જપ્ત નહિ કરવા માટે મહિનાના હપ્તા પેટે મોડાસાના રેન્જ ફોરેસ્ટ ઓફિસરે ૧૧૬૦૦ રૂ.ની લાંચ માંગતા અને લાંચની રકમની વારંવાર ઉઘરાણી કરતા રેન્જ ફોરેસ્ટ ઓફિસરથી ત્રાસેલા ફરિયાદી અને તેની સાથેના બે વ્યક્તિઓએ અરવલ્લી જિલ્લા એન્ટી કરપ્શન ટીમનો સંપર્ક કરી બુધવારે એસીબીએ ટ્રેપ ગોઠવી મોડાસાના હજીરા વિસ્તારમાં આવેલી નેશનલ હોટલ નજીકના પાનના ગલ્લા પરથી ફરિયાદી પાસેથી રૂ. ૧૧૬૦૦ રોકડા સ્વીકારતા વોચમાં ગોઠવાયેલી એસીબીની ટીમે લાંચીયા રેન્જ ફોરેસ્ટ ઓફિસરને રંગેહાથે ઝડપી પાડી તેની અન્ય બેનામી સંપત્તિ માટે ઘરે દરોડા પાડવાની સાથે અન્ય કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આધારભૂત સુત્રોના જણાવ્યા મુજબ અરવલ્લી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં બળતણ માટેના લાકડાનો વેપાર કરતા એક ટેમ્પો ચાલક અને બે ટ્રેક્ટર માલિકોને લાકડા ભરેલા વાહનો પસાર થવા દેવા માટે અને જપ્ત નહિ કરવા માટે મોડાસા નોર્મલ રેન્જ ચાર રસ્તા પર ફરજ બજાવતા દેવા માટે ફરિયાદી અને તેની સાથે રહેલા બે વ્યક્તિઓ પાસે રૂ. ૧૧૬૦૦ના હપ્તા પેટે માંગણી કરતા ફોરેસ્ટ ઓફિસરની કનડગતથી કંટાળીને અરવલ્લી જિલ્લા એલસીબી પી.આઈ. આર.એન.




રેન્જ ફોરેસ્ટ ઓફિસર શીવરામભાઈ વીરમભાઈ ચૌધરી (વર્ગ-૨) દ્વારા વારંવાર ટેમ્પાના ૨૦૦૦ અને ટ્રેક્ટરના ૧૨૦૦ રૂપિયા મહિનાના હપ્તા માટે અને મોડાસા તેમજ અરવલ્લી જિલ્લામાંથી પસાર થવા અને મહિનાના હપ્તાપેટે રૂપિયા નહિ આપો તો ટેમ્પો સહિત ૨ ટ્રેક્ટરોને સીઝ કરવાની ધમકી આપતા ફરિયાદી અને તેના સાથે રહેલા બે વ્યક્તિઓએ કાયદેસર જલાઉ લાકડાનો ધંધો કરતા હોવા છતાં રેન્જ પટેલનો સંપર્ક સાધતા જિલ્લા એસીબીની ટીમે રેન્જ ફોરેસ્ટ ઓફીસરને લાંચ સ્વીકારતો દબોચી લેવા મોડાસાના હજીરા વિસ્તારમાં ટ્રેપ ગોઠવી ફરિયાદી અને તેના સાથે રહેલા બે વ્યક્તિઓએ રેન્જ ફોરેસ્ટ ઓફિસરને હજીરા વિસ્તારમાં આવેલી નેશનલ હોટલ નજીક રહેલા પાનના ગલ્લા પાસે લાંચની રકમ રૂ. ૧૧૬૦૦ રોકડા સ્વીકારતો દબોચી લઈ જિલ્લા એસીબી ટીમે રેન્જ ફોરેસ્ટ અધિકારીને લાંચ રૂશ્વતના ગુન્હા હેઠળ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જિલ્લા એસીબી ટીમના પીઆઈ આર.એન. પટેલ અને તેમની ટીમે લાંચીયા ફોરેસ્ટ અધિકારીના રહેઠાણના સ્થળે અને ઓફીસે તપાસ હાથ ધરી અધિકારીની બેનામી સંપત્તિ ધરાવે છે કે નહિ તેની સઘન તપાસ હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા એસીબીના પી.આઈ. આર.એન. પટેલની સફળ ટ્રેપથી અરવલ્લી જિલ્લાના પ્રજાજનોમાં આનંદ છવાયો હતો અને જિલ્લામાં લાંચ રૂશ્વત લેવામાં બેફામ બનેલા સરકારી કર્મચારીઓને ઝડપી પાડવા તેમની કામગીરી સઘન અને સફળ બનાવે તેવુ લોકો ઈચ્છી રહ્યા છે. બીજીબાજુ જિલ્લા એસીબીની સફળ ટ્રેપથી સરકારી અધિકારીઓમાં ફફડાટ ફેલાયો છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ખેડબ્રહ્મામાં દીનદયાળ ઔષધી સ્ટોરમાં દવાઓની ખેંચ

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં દીન દયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોરની શરૂઆત નવેમ્બર-૧૬માં કરવામાં આવી હતી. ત્યારે ગરીબ લોકોને સસ્તાભાવે દવાઓ મળશે તેવી આશા બંધાણી હતી. પણ આ સ્ટોરમાં પુરતી દવાઓ રાખવામાં આવતી ન હોવાની બૂમ ઉઠવા પામી છે. અને સીનીયર સીટીજનને ડાયાબીટીસ કે બીપીની દવાઓ મળતી નથી અને છેલ્લા બે માસથી ધક્કા ખાવાનો વારો આવ્યો છે. આ સ્ટોરમાં જરૂરીયાતવાળી તમામ દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી ગરીબ તથા અન્ય દર્દીઓની માંગ છે.

ગુજરાત રાજ્યમાં નવેમ્બર-૧૬માં એક સાથે ૫૨ સ્થળોએ ગુજરાત સરકાર દ્વારા દીનદયાળ પ્રધાનમંત્રી જન ઓષધ સ્ટોરની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં પણ વાજતે ગાજતે શુભારંભ કરવામાં આવ્યો હતો અને ઉચ્ચ ગુણવત્તાવાળી દવાઓ ઓછી કિંમતે આપવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. પણ ગુજરાતી પ્રારંભે શુરાએ ઉક્તી મુજબ આ સ્ટોરમાં દવાઓના જરૂરી પુરતો સ્ટોક આવતો નથી. તેથી દર્દીઓને ફરજીયાત ધક્કા ખાવા પડે છે. ખેડબ્રહ્માના સીનીયર સીટીઝન અને લાકડીના સહારે ચાલતા યશવંતભાઈ પી. રાવલના જણાવ્યા અનુસાર હુ રોજ બીપીની ચાર ગોળી ખાઉ છુ. છેલ્લા બે માસથી ઓષધી સ્ટોરમાં જાઉ છુ પણ મને આ જરૂરી દવાઓ મળતી નથી. સરકાર દ્વારા આ સ્ટોરમાં ઓછી કિંમતની દવાઓ આપવાની યોજના મુજબ દવાઓ મળે તો ગરીબ દર્દીઓને મોટો લાભ થાય તેમ છે.



# કાંકરેજની ચિમનગઢ ગ્રામ પંચાયતના ત્રણ સભ્યો સામે દબાણની ઉચ્ચકક્ષાએ રજુઆત

### ચિમનગઢમાં પંચાયત સભ્યો દ્વારા દબાણ કરી પાકા મકાન તથા ગૌચરમાં અને તળાવ પાસે દબાણ કરતા સભ્યપદેથી દૂર કરવા રજુઆત : સભ્યો ઉપર લટકતી તલવાર સમાન કિસ્સો

કાંકરેજ, તા. ૨૨

કાંકરેજ તાલુકાની ગ્રામ પંચાયતોમાં સરપંચ અને સભ્યો



સામે દબાણ કરવાની રજુઆતો યથાવત રહેવા પામી છે ત્યારે ચિમનગઢ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૬માં હાલ ચાલુ સભ્ય પટેલ માનસુંગભાઈ હિરાભાઈએ મુખ્યમંત્રી, જિલ્લા કલેકટર બનાસકાંઠા, જિલ્લા વિકાસ અધિકારી સહિત મામલતદાર કાંકરેજ અને તાલુકા વિકાસ અધિકારી કાંકરેજને લેખિત અરજી કરી કાયદાકિય ન્યાયની માંગણી કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. હકિકતમાં લેખિત કહેલ છે જેમાં વોર્ડ નં. ૧ના સભ્ય દેસાઈ બબીબેન મફાભાઈએ દબાણ કરી ગેરકાયદેસર પાકુ ઢાળીયુ બનાવેલ છે. તેમજ સરકારી ગેરકાયદેસર લાભ લીધેલ હોવાની લેખિત રજુઆત કરેલ છે. તેમજ વોર્ડ નં. ૮ના સભ્ય ડાભાણી રમીલાબેન રમેશભાઈ દ્વારા તળાવની જમીન પાસે ગેરકાયદેસર દબાણ કરી બોરના પાણીથી વાવેતર કરીને કાળી કમાણી કરતા હોવાની લેખીત રજૂઆતો કરતા ચિમનગઢ, ગ્રામમાં સોંપો પડી જવા પામ્યો છે. જો કે આ બાબતે ટી.ડી.ઓ.ને. પુછતા તેઓએ ગ્રા.પં.ના સરપંચ તથા તલાટીને તપાસ કરવાના આદેશ આપ્યો હોવાનું જણાવ્યું હતુ. જો કે વાડ જ ચિભડા ગળે તો બીજાનું શું ? જેવા બેધક સવાલો ચિમનગઢની પ્રજામાં ચકડોળે ચડવા પામ્યો છે. જો કે અરજદાર દ્વારા આવા સભ્યોને સભ્ય પદેથી દૂર કરવાની માંગણી કરતાં ભુકંગ સર્જાયો છે હવે જોવું એ રહ્યું કે સરપંચ અને તલાટી તેમજ સર્કલ સભ્યો વિરૂદ્ધ કેવો કાયદાનો ઉપયોગ કરે છે તે જોવું રહ્યું. જો કે ચિમનગઢ ગ્રા.પં. દ્વારા ન્યાય નહિ મળે તો અરજદાર કોર્ટમાં જવાની પણ તૈયારી દર્શાવી હતી.

## મહેસાણા ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ

મહેસાણા, તા. ૨૨

૨૧મી ફેબ્રુઆરી દિવસે યુનેસ્કોએ વિશ્વભરનાં રાષ્ટ્રો માટે 'માતૃભાષા દિવસ' તરીકે ઊજવવાનું જાહેર કર્યું છે. માતૃભાષાનું જતન કરવા માટે વિશ્વ કક્ષાએ પ્રતિ વર્ષે ૨૧મી ફેબ્રુઆરીએ વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. મહેસાણા જિલ્લામાં માતૃભાષાનો મહિમા અને વિચાર,ગોષ્ટી તેમજ સાહિત્યકારોનું સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આજે વિશ્વ માતૃભાષા દિવસ છે. ભાષા સાથેનો આપણો સંબંધ પરસ્પર છે. આપણે ભાષાને જીવાડશું, માનાં હેતથી માતૃભાષા આપણને જીવાડશે. ''વિશ્વ માતૃભાષા દિવસ''ની શુભેચ્છાઓ સાથે ગુજરાતી ભાષાનું ગૌરવ હોવું જરૂરી છે તેમ ઉપસ્થિત સાહિત્યકારોએ જણાવ્યું હતું.

મહેસાણા જિલ્લામાં યોજાયેલ આ કાર્યક્રમમાં સાહિકાર કેશુદાદા, ડો. તુલસીદાસ પટેલ સહિત અગ્રણી સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા શિક્ષણાધિકારી જે.ડી. પટેલ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# તલોદ આર્ટસ-કોમર્સ કોલેજ ખાતે કુકીંગ મેકીંગ વર્કશોપ યોજાયો

તલોદ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ ખાતેની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં બહેનો માટેના બ્યુટીકેર તાલીમ વર્કશોપનું અને એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ તલોદ ખાતે યોજાઈ ગયેલ. આ વિદ્યાર્થીની બહેનો અને નગરની મહિલાઓને ઘેર બેઠા સ્વરોજગારીની તક ઉપચારની જરૂરીયાતો અને કોસ્મેટીક પ્રસાધનોથી થતી ગંભીર આડ અસરો વિશેની માહિતી પુરી પાડીને બહેનોને બ્યુટી કેર સંદર્ભની પદ્ધતિઓની તાલીમ આપી હતી.



કુકીંગ મેકીંગ વર્કશોપનું પણ આયોજન સંપન્ન થયું. અખીલ ગુજરાત મહિલા શક્તિ મંચ સંસ્થા અમદાવાદ અને તલોદ કોલેજના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા એક સપ્તાહ માટેની તાલીમ શિબિરનો લાભ કુલ ૧૨૦ મહિલાઓએ લીધો હતો.

સપ્તધારા યોજના અંતર્ગત ઉપલબ્ધ થાય તેવો શુભાશય સાથે યોજાઈ ગયેલ આ બ્યુટીકેર તાલીમ વર્કશોપમાં અમદાવાદની સંસ્થાના કન્વીનર ડૉ. કૌશિક તન્ના અને તેમના સહયોગી સુષમાબહેને યોગ્ય તાલીમ પુરી પાડી હતી. જેમાં હેરસ્ટાઈલ, સાડી પરિધાન, મહેંદી, ફેસિયલ, બ્યુટી ટીપ્સ, હેર ટ્રીટમેન્ટ, બ્રાઈડલ મેકઅપ વગેરે માટેના કુદરતી

સપ્તધારા કો.ઓ. ડૉ. જ્યોતિકાબહેન પટેલ તલોદ દ્વારા સંચાલિત આ તાલીમ વર્ગનું ઉદ્ઘાટન ડૉ. અનીલભાઈ એમ. પટેલ અને વિદ્યાનગરી કેમ્પસ-હિંમતનગરના પ્રિ. ડૉ. કનૈયાલાલ પટેલે કર્યુ હતુ.

જ્યારે આ કોલેજ કેમ્પસમાં પ્રથમવાર બહેનો માટે યોજાયેલ કુકીંગ મેકીંગ તાલીમનુ ઉદ્ઘાટન લા. નરેન્દ્રભાઈ શાહે કર્યુ હતુ. જે સમારોહના અધ્યક્ષપદે પૂર્વ પ્રિન્સિપાલ આર.એલ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

પંજાબી વાનગી અને અવનવા ફ્લેવરની ચોકલેટ બનાવવાની તથા તેનુ પેકીંગ કરવા સહિતની રીત રસમો આ વર્કશોપમાં મહિલાઓને શિખવાડવામાં આવી હતી.

## મહેસાણા ફાઈન આર્ટસ કોલેજ દ્વારા ત્રિ-દિવસીય પ્રદર્શનનું આયોજન

મહેસાણા ન્યુપ્રોગેસીવ કોલેજ ઓફ ફાઈન આર્ટસ દ્વારા ૩૬ મા વાર્ષિક કલા પ્રદર્શનનું આયોજન કરાયું છે. મહેસાણામાં પુજા બિલ્ડીંગ મ્યુનિસિપલ ગ્રાઉન્ડ નજીક આવેલ કોલેજ ખાતે ૨૧ ફેબ્રુઆરીથી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન સવારે ૮ કલાકથી સાંજે ૫ કલાક સુધી પ્રદર્શન યોજાનાર છે. ત્રિદિવસીય આર્ટ ગેલીરી પ્રદર્શનમાં એપ્લાઈડ આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કૃતિઓ રજુ કરાઈ છે. મહેસાણા ફાઈન આર્ટસ કોલેજના આચાર્ય હરીભાઈ પટેલે જણાવ્યું હતુ કે આ પ્રકારના પ્રદર્શનથી વિદ્યાર્થીઓનો પ્રોત્સાહન મળી રહે છે. આ ઉપરાંત વિધાર્થીઓ એક બીજાની કૃતિઓ શેર કરી શકે છે. જાહેરાત આર્ટ ડિઝાઈન, પોસ્ટર, હૉર્ડિંગ્સ, મેગેઝીન, એડ ન્યુઝ પેપર, ફોલ્ડર, ફ્લોર ડિસ્પેલ, બુક જેકેટ, પેકેજીંગી, લોગો,સિમ્બોલ, ડ્રોઈંગ, સ્કેચીંગ, ૨-ડી અને ૩ ડી ડિઝાઈન ફોટોગ્રાફી, પેઈન્ટીંગ, ક્રાફ્ટ મોડેલીંગ સહિતની વિવિધ કૃતિઓ પ્રદર્શનમાં મુકાઈ છે.

# પાલનપુરમાં કલેકટર કચેરી નજીક બોરવેલમાં માસુમ બાળકી પડી જતા તંત્રમાં દોડધામ, બાળકીનો અબાદ બચાવ

જીલ્લા મથક પાલનપુરમાં મુખ્ય સરકારી ગેટની બાજુમાં આવેલ મુલ્કી ભવનના પાછળના



ખુલ્લા પ્લોટ ખુલ્લા ૧૫થી ૨૦ ફૂટના બોરવલમાં ત્રણ વર્ષની માસુમ બાળકી અચાનક પડી જતા દોડધામ મચી ગઈ હતી. જો કે બાળકી સહી સલામત જીવંત બહાર નીકળતા સૌ કોઈ હાશકારો અનુભવ્યો હતો. રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવીન લાઈબ્રરીનું બાધકામ માટે ઊંડો ૧૫ થી ૨૦ફૂટનો બોરવલ બનવામાં આવ્યો હતો. જો કે તંત્રની ઘોર બેદકારીને લીધે ખુલ્લા બોરવલ કઈ ઢાંકવામાં નહિ આવતા બાંધકામના કામ કરતા શ્રમિક પરિવારની ત્રણ વર્ષની માસુમ બાળકી રમતા રમતા પડી ગઈ હતી. જો કે આસપાસના લોકોને ખબર પડતા તેમને તંત્રને જાણ કરી હતી. જેથી બાળકીના બચાવ માટે પાલિકા, ૧૦૮ અને જેસીબી મશીન પહોચી ગયા હતા તેમજ જીલ્લા કલેક્ટર જેનુંદેવન પણ દોડી આવ્યા હતા. સફળ મહેનત બાદ જમીનમાં ૧૫ ફૂટ દબાયેલી બાળકીને જીવંત બહાર કાઢતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

# ઊંઝામાં વેપારી પેઢીમાં જુગારધામ પર પોલીસનો દરોડો

ઊંઝા માર્કેટયાર્ડમાં આવેલ એક વેપારી પેઢીમાં ચાલતા જુગારધામ પર પોલીસે દરોડો પાડી સ્થળ પરથી આઠ શખ્સોને ઝડપી લઈ કુલ ૭૨,૫૨૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી ગકાયદેસરની કાર્યવાહી કરી હતી.

ઊંઝા ખાતે માર્કેટયાર્ડમાં પેપળાવાળી લાઈનમાં આવેલ વેપારી પેઢી નં. ૩૨૦ના બીજા માળે રમેશભાઈ મગનલાલ પટેલના કથિત ભોગવટાના ભાડાના મકાનમાં બહારથી માણસો બોલાવી પત્તાપાના વડે હારજીતનો જુગાર રમાય છે તેવી મળેલ બાતમીના આધારે સ્થાનિક પોલીસે સાંજના સમયે આ જગ્યાએ દરોડો પાડ્યો હતો. જેમાં જુગાર રમતા રમાડતા આઠ શખ્સો ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી રૂપિયા ૬૬,૦૨૦ની રોકડ રકમ સાત મોબાઈલ ફોન અને જુગારના સાધનો મળી કુલ ૭૨,૫૨૦ની મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઊંઝા પોલીસે આઠ શખ્સો વિરૂદ્ધ જુગારધારા કલમ ૪, ૫ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઊંઝા માર્કેટયાર્ડમાં અવારનવાર જુગારની રેડો થતાં વેપારી વર્ગમાં ભારે ચર્ચા જાગી છે. પકડાયેલ શખ્સોમાં પટેલ રમેશ મગનલાલ, પટેલ, સંજય જયંતિલાલ, પટેલ, વસંત ભાયચંદભાઈ, પટેલ મુદુલ વસંતભાઈ, પટેલ બિપિન કેસવલાલ, પટેલ મહેન્દ્ર ઈશ્વરલાલ, પટેલ નરેશ શંકરલાલ, પટેલ કાન્તિ દેવચંદભાઈ તમામ રહે ઊંઝાનો સમાવેશ થાય છે.